

# રાઇનો પર્વત–સમાજ સુધારો અને નીતિશ્રદ્ધા

## ડો. યોગેન્દ્ર વ્યાસ

(ગુજરાતી ગ્લોબલ ન્યૂઝ)






'પ્રભુથી સહુ કંઇ થાય છે, અમથી થાય ન કાંઇ રાઇનો પર્વત કરે, પર્વતનો વળી રાઇ.' એવી અડગ પ્રભુશ્રધ્ધાને રજૂ કરતું ગુજરાતી સાહિત્યનં યાદગાર નાટક 'રાઇનો પર્વત' ઇ.સ. 1913માં પ્રગટ થયેલું. એનાં લેખક સ્વ. રમણભાઇ નીલકંઠે મૂળ તો લાલજી મનીઆરના ભવાઇના એક વેશમાંથી એની કથા લીધી અને 'સ્ત્રીની કિંમત તે માત્ર પુરૂષના સાધન તરીકે નથી પણ એ ય તે પુરૂષ જેટલી જ માણસ છે' એ સમાજસુધારાની વાત ઉમેરીને એને અસરકારક નાટક બનાવ્યું.

પર્વતરાયે રત્નદીપદેવ પાસેથી રાજ્ય આંચકી લીધેલું તે તેની રાણી અમૃતદેવી પોતાના પુત્ર જગદીપ માટે પાછું મેળવવા દ્રઢસંકલ્પ છે. એના જ રાજ્યમાં માલણના છૂપાવેશે રહે છે અને પુત્રનું નામ 'રાઇ' રાખી એને રાજકુમારની જેમ શસ્ત્ર-શાસ્ત્રો શીખવી તૈયાર કરે છે. શસ્ત્રવિદ્યાના મહાવરા સમયે ભૂલથી 'રાઇ' પર્વતરાયને તીર મારી બેસે છે અને પર્વતરાય મૃત્યુ પામે છે. તેનો સાથી શીતલસિંહ અને જાલકા મળીને, પર્વતરાય યુવાન થવા છ મહિના અજ્ઞાતસ્થળે રહ્યા છે એવી વાત ફેલાવે છે અને છ મહિના પછી યુવાન રાઇને પર્વતરાય રૂપે પ્રગટ કરી ગાદી મેળવવાનું કાવતરૂં કરે છે.

**"આવું તૃપ્તિકર, શિષ્ટ અને સ્થળ-સમયથી પર જઇ શકતું નાટક પણ ગુજરાતી તખ્તા પર બહુ ભજવાયું નહીં એનું કારણ એના લાંબા સંવાદો, વચ્ચે વચ્ચે આવતા અઘરા સંસ્કૃત શ્લોકો અને લાંબાં પદ્યો ગણવામાં આવે છે."**

માતાના પ્રેમને વશ થઇ પ્રામાણિક, નીતિમાન રાઇ એ કાવતરામાં સામેલ થવા સંમત થાય છે પણ પર્વતરાય તરીકે પ્રગટ થવાનો સમય નજીક આવતાં તેને સમજાય છે કે પર્વતરાય થતાં જ ગાદી ઉપરાંત તેની રાણીનો તેણે પત્ની તરીકે સ્વીકાર કરવો પડશે. આ જ્ઞાન થતાં જ 'ન એક થાજો પ્રભુપ્રીતિ નાશ' એવો નિર્ણય કરી 'અસત્ય વડે હું રાજય મેળવવા ઇચ્છતો નથી' એમ જાહેર કરી, પર્વતરાયની રાણી લીલાવતીને, 'સકલ પ્રજાનાં તેવાં તમે મારાં માતા છો' એમ કહી દે છે. પોતાની બાજી ઊંધી પડતી જોઇ આઘાતમાં જાલકા મૃત્યુ પામે છે.

આ છ મહિનાના પર્વતરાયના અજ્ઞાતવાસ દરમિયાન પ્રામાણિકતા અને વફાદારીથી રાજ ચલાવનાર પ્રધાન કલ્યાણકામ રાઇના સંપર્કમાં આવ્યો હોય છે અને "આ શરીરકાંતિને, બુદ્ધિપ્રભાવને માળીનું કામ અને રાઇનું નામ ઘટતું નથી" એમ દ્રઢપણે માને છે. તો કાવતરાંખોર શીતલસિંહ શત્રુ છતાં રાઇને 'બુદ્ધિ વડે, પ્રભાવ વડે,

ભાગ્ય વડે રાજા થવા યોગ્ય માને છે, અંતે સમગ્ર પ્રજાને ખબર પડે છે કે આ તો તેમનો કુંવર જગદીપદેવ છે તેથી તેને રાજા તરીકે સ્વીકારે છે અને પર્વતરાયની વિધવા પુત્રી વિણાવતીના પ્રેમમાં પડેલાં રાઇને તેની સાથે પરણાવી લીલાવતી પણ તેને ગાદી વારસ તરીકે સ્વીકારે છે.

ભવાઇના વેશમાંથી અંગ્રેજી નાટકની જેમ અંકો તથા વિવિધ દ્રશ્યોમાં અનેક પ્રસંગોને વહેંચીને, રાઇના 'To be or not to be' એવા આંતરસંઘર્ષ સાથે, જાલકા-શીતલસિંહ વગેરેના બાહ્ય સંઘર્ષને રજૂ કરી, એ સંઘર્ષને ટોચે પહોંચાડી, સ્વગતોક્તિઓ વગેરેની મદદથી વસ્તુસંકલના કરી લેખક સુંદર નાટક ગૂંથે છે. સાથે સંસ્કૃત નાટકને અનુસરી ધર્મવીર-પ્રેમવીર નાયક સાથે મુગ્ધ, સુશીલ, સુંદરી વિણાવતીને એક અકસ્માત દ્વારા પ્રેમમાં પાડી, હાસ્ય માટે વિદૂષક જેવા વંજૂલનો ઉપયોગ કરી, પાત્રોના ભાવ નિર્વહણ માટે એકસો એક જેટલાં શ્લોકો અને પદ્યોનો ઉપયોગ કરી, વીર, હાસ્ય અને શૃંગારરસની છોળો ઉડાડી, સુંખાત સાથે નાટક પૂરું કરે છે.

આવું તૃપ્તિકર, શિષ્ટ અને સ્થળ-સમયથી પર જઇ શકતું નાટક પણ ગુજરાતી તખ્તા પર બહુ ભજવાયું નહીં એનું કારણ એના લાંબા સંવાદો, વચ્ચે વચ્ચે આવતા અઘરા સંસ્કૃત શ્લોકો અને લાંબાં પદ્યો ગણવામાં આવે છે.